કરનાર યુગપ્રધાનાચાર્ય કહેવાયા. ગણાચાર્યનો સંબંધ પોતપોતાના ગણ સાથે હોય છે, વાચનાચાર્ય ભિન્ન ગણવાળાને પણ વાચના આપે છે. યુગપ્રધાનાચાર્યનું કાર્યક્ષેત્ર સાર્વભૌમ હોય છે. જૈન–જૈનેતર સર્વ લોકો તેમનાથી લાભ પામે છે.

આર્ય સુહસ્તિસૂરિનો શિષ્યસમુદાય આર્ય મહાગિરિ કરતાં વિશાળ હતો. કલ્પસૂત્રમાં આર્ય સુહસ્તિસૂરિના મુખ્ય ૧૨ શિષ્યોનો ઉલ્લેખ છે : (૧) આર્ય રોહણ, (૨) યશોભદ્ર, (૩) મેઘગણિ (ગુણસુંદરસૂરિ), (૪) કામર્ધિગણિ, (૫) સુસ્થિત, (૬) સુપ્રતિબદ્ધ, (૭) રક્ષિત, (૮) રોહગુપ્ત, (૯) ઋષિગુપ્ત, (૧૦) શ્રીગુપ્ત, (૧૧) બ્રહ્મગણી અને (૧૨) સોમગણી. તેમાં સ્થવિર આર્ય રોહણથી ઉદેહગણ, યશોભદ્રથી ઉડુવાડિયગણ, કામર્ધિગણિથી વેશવાડિયગણ, સ્થુસ્થિત–સુપ્રતિબદ્ધથી કોટિગણ, ઋષિગુપ્તસૂરિથી માનવગણ અને શ્રી ગુપ્તસૂરિથી ચારણગણનો વિકાસ થયો.

આર્ય સુહસ્તિસૂરિ દશ પૂર્વધર, ધર્મધુરાના સમર્થ સંવાહક અને પ્રભાવશાળી આચાર્ય હતા. તેમના શાસનકાળમાં જૈનધર્મનો ઘણો પ્રસાર થયો હતો. આર્ય સુહસ્તિ ૨૩ વર્ષ ગૃહસ્થ-જીવનમાં રહ્યા. તેમના ૭૭ વર્ષના ચારિત્રપર્યાયમાં ૪૬ વર્ષ યુગપ્રધાનપદથી અલંકૃત રહ્યા. તેઓની પૂર્વેના યુગપ્રધાનોમાં તેમનો ચારિત્રપર્યાય સૌથી વધુ—૭૭ વર્ષનો હતો. આર્ય મહાગિરિની જેમ તેમનું આયુષ્ય ૧૦૦ વર્ષનું હતું. આર્ય સુહસ્તિસૂરિ વીરનિર્વાણ સં. ૨૯૧માં ઉજ્જૈનમાં સ્વર્ગવાસ પામ્યા.

---

## ઉપકેશગચ્છીય, ઓસવાલ વંશની સ્થાપના કરનારા મહાન પ્રભાવશાળી

# આચાર્યશ્રી રત્નપ્રભસૂરિજી મહારાજ

શ્રી રત્નપ્રભસૂરિ મહાન પ્રભાવશાળી અને વિદ્યાસિદ્ધ મહાપુરુષ હતા. તેમણે ઓસિયાં-નગરમાં ઓસવાલ વંશની સ્થાપના કરી હતી. તેમના પુણ્યપ્રભાવે ૧,૮૦,૦૦૦ નવા જૈનો બન્યા હતા.

ભગવાન પાર્શ્વનાથના શ્રી કેશીગણધર પોતાના સંશયોનું સમાધાન શ્રી ગૌતમસ્વામી પાસેથી મેળવી, પોતાના શિષ્યો સાથે ભગવાન મહાવીરના શાસનમાં દાખલ થતાં, તેમનો એ શ્રમણસંઘ 'પાર્શ્વાપત્ય' તરીકે પ્રસિદ્ધિ પામ્યો. વળી, તે 'ઉપકેશગચ્છ'થી પણ ઓળખાય છે. શ્રી રત્નપ્રભસૂરિ એ જ શ્રમણપરંપરામાં વીરનિર્વાણની પ્રથમ સદીમાં થઈ ગયા. તેમના ગુરુ શ્રી સ્વયંપ્રભસૂરિ હતા.

શ્રી રત્નપ્રભસૂરિનું પૂર્વનામ મણિરત્ન કિંવા રત્નચૂડ હતું. તેઓ વિદ્યાધરોના રાજા હતા. એક દિવસ ભિન્નમાલ જતાં, ત્યાં શ્રી સ્વયંપ્રભસૂરિનો ઉપદેશ સાંભળી, પોતાના પુત્રને રાજ્ય સોંપી, ૫૦૦ વિદ્યાધરો સાથે તેમણે દીક્ષા લીધી હતી. વીરનિર્વાણ સં. ૫૨ માં આચાર્યપદ પામી શ્રી રત્નપ્રભસૂરિ નામે જાહેર થયા હતા.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી રત્નપ્રભસૂરિના ઉપદેશથી ઓસિયાંમાં એક શેઠ દ્વારા બંધાઈ રહેલું જિનમંદિર પૂર્ણ થવા આવતાં એક ઘટના બની. એ શેઠની ગાય હંમેશાં લૂણદ્રહી પહાડી પર દૂધ ઝરી આવતી. આ વાતની સૂરિમહારાજને ખબર પડી ત્યારે તેમના કથન પ્રમાણે એ જમીનમાંથી ભગવાન મહાવીરસ્વામીની પ્રતિમા મળી આવી, અને તેની પ્રતિષ્ઠા વીરનિર્વાણ સં. ૭૦ના મહા સુદ પાંચમના શુભ દિવસે કરવાનો નિર્ણય લેવાયો. કોરંટાનગરમાં પણ આ જ દિવસે શ્રી મહાવીરસ્વામી જિનાલયની પ્રતિષ્ઠા નિર્ધારિત કરવામાં આવી હતી. 'કલ્પદ્રુમકલિકા–વૃત્તિ' અને 'રત્નપ્રભાચાર્યપૂજા'માં એવો ઉલ્લેખ મળે છે કે, શ્રી રત્નપ્રભસૂરિએ આ એક જ દિવસે અને એક જ મુહૂર્તમાં, બે રૂપ ધરીને, ઓસિયાં અને કોરંટાતીર્થમાં શ્રી મહાવીરસ્વામી જિનાલયની પ્રતિષ્ઠા કરી હતી. આ ચમત્કારિક ઘટનાથી જૈનધર્મની મહાન પ્રભાવના થઈ હતી અને હજારો લોકોએ જૈનધર્મ સ્વીકાર્યો હતો. વળી, એ જ સમયે વીરનિર્વાણ સં. ૭૦ માં શ્રી રત્નપ્રભ-સૂરિએ ઓસિયાંનગરમાં ઓસવાલ વંશની સ્થાપના કરી હતી. ઓસિયાંમાંથી સ્થાનાંતર કરી ગયેલા જૈનો આજે પણ ઓસવાલ જૈનો તરીકે ઓળખાય છે. તેમ જ ઓસિયાં અને કોરંટા તીર્થમાં આજે પણ શ્રી મહાવીરસ્વામીનાં પ્રાચીન જિનાલયો વિદ્યમાન છે.

શ્રી રત્નપ્રભસૂરિ એક વખત ઉપકેશનગર પધાર્યા હતા. આ ઉપકેશનગર ભિન્નમાલ પાસે શ્રીપુંજ રાજાના પુત્ર સુરસુંદરે અને ચંદ્રમંત્રીના પુત્ર ઉહડે, કોઈ કારણોસર ઘર ત્યાગી, વસાવ્યું હતું. આચાર્યશ્રી પધાર્યા ત્યારે ત્યાં જૈનોનાં કોઈ ઘર ન હોવાથી તેમને ઘણું કષ્ટ પડયું. ઉપવાસ ઉપર ઉપવાસો કરવા પડયા. છતાંય તેમણે ૩૫ સાધુઓ સાથે ત્યાં ચાતુર્માસ કરવાનો નિર્ણય કર્યો અને બીજા શિષ્યોને કોરંટા તરફ વિહાર કરાવ્યો. ઉપકેશનગરમાં એક દિવસ મંત્રીપુત્રને સાપ કરડયો, પણ તેને આચાર્યશ્રીનાં ચરણોદકથી જીવતદાન મળતાં, મંત્રી તેમ જ રાજા – સૌ જૈનધર્મી બન્યા. તેઓ ઓસિયાંના હોવાથી, તેઓ પણ ઓસવાલ જૈનો તરીકે પ્રસિદ્ધિ પામ્યા.

કોરંટગચ્છના સ્થાપક શ્રી કનકપ્રભસૂરિની આચાર્યપદવી શ્રી રત્નપ્રભસૂરિના હસ્તે થઈ હતી. તેઓ શ્રી રત્નપ્રભસૂરિના લઘુ ગુરુબંધુ હતા. શ્રી રત્નપ્રભસૂરિ વીરનિર્વાણ સં. ૮૪માં કાળધર્મ પામ્યા.

## ગણાચાર્ય તેમ જ વાચનાચાર્યનાં બંને પદોને શોભાવનારા શ્રુતસંપન્ન
# આચાર્યશ્રી બલિસ્સહસૂરિ મહારાજ
## તથા વીરશાસનની ધર્મધુરાને વહન કરનાર અગિયારમા યુગપ્રધાન
# આચાર્યશ્રી ગુણસુંદરસૂરિ મહારાજ

સ્થવિર બલિસ્સહ અને શ્રી ગુણસુંદરસૂરિ – એ બંને પોતાના યુગના સમર્થ પ્રભાવશાળી આચાર્ય હતા. આચાર્ય બલિસ્સહે ગણાચાર્ય અને વાચનાચાર્ય એ બંને પદો કુશળતાપૂર્વક સંભાળ્યાં હતાં. શ્રી ગુણસુંદરસૂરિ યુગપ્રધાનપદે પ્રતિષ્ઠિત થયા હતા.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org